| | |
|---|---|
| | દાખલ થયા તારીખ:–૦૬/૦૮/૨૦૨૫ |
| | રજીસ્ટર થયા તારીખ:–૦૬/૦૮/૨૦૨૫ |
| | જાહેર કર્યા તારીખ:–૦૮/૦૪/૨૦૨૬ |
| | સમય:– વર્ષ–૦૦,માસ–૦૮,દિવસ–૦૨ |

सत्यमेव जयते

## મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ગરૂડેશ્વર, જી.નર્મદા

ક્રિમીનલ કેસ નંબર–૧૦૫૯/૨૦૨૫

આંક–

**ફરીયાદી:** સરકારશ્રી

**વિરૂધ્ધ**

**આરોપી:** (૧) મહેશભાઇ વિક્રમભાઇ તડવી
રહે.ભુમલીયા,તા.ગરૂડેશ્વર,જી.નર્મદા
(૨) બાલુભાઇ શેરાભાઇ તડવી
રહે.બરોલી,તા.નસવાડી,જી.છોટાઉદેપુર
(૩) પ્રવિણભાઇ રણછોડભાઇ તડવી
રહે.પનસોલી,નવી વસાહત,તા.ડભોઇ,જી.વડોદરા

**ગુનો:** ભારતીય ન્યાય સંહિતાની કલમ–
૬૧,૩૨૯(૩),૨૨૩,૨૨૬ મુજબ

---

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા

આરોપી તરફે વિ.વ.શ્રી જે.બી.તડવી

---

## <u>જજમેન્ટ</u>

**(૧)** આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ

તા–૨૬/૦૪/૨૦૨૫ ના રોજ સવારના આશરે નવેક વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓ (૧) બાલુભાઈ શેરાભાઈ તડવી, રહે.બરોલી,તા. નસવાડી,જી–છોટાઉદેપુર (૨) પ્રવિણભાઈ રણછોડભાઈ તડવી,રહે. પનસોલી નવી વસાહત,તા–ડભોઈ,જી–વડોદરા(૩) મહેશભાઈ વિક્રમભાઈ તડવી, રહે.ભુમલીયા,તા–ગરુડેશ્વર,જી.નર્મદાનાઓ ભેગા થઈને પુર્વ આયોજન કરી પોતાના કામ કઢાવવા માટે પોતાની માંગણીઓ પુરી કરવા સારુ સમાન ઈરાદો પાર પાડવા માટે એક બીજા સાથે એક સંપ થઈ ગુનાહિત કાવતરૂ રચી સવારના આશરે નવેક વાગ્યાના અરસામાં રારદાર સરોવર નર્મદા નિગમની માલિકીની ગોરા ગામની સીમમાં આવેલ ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવર નં–૧૩૪૬૭૫૧ ટાવરની ચારે તરફ તારની ફેંસીંગ વાડ કુદી ગુનાહીત અપ–પ્રવેશ કરી ટાવર ઉપર ચઢી પોલીસ/પ્રશાસન ના જવાબદાર અધિકારીશ્રીઓ દ્વારા ટાવર ઉપરથી નીચે ઉતરવા સમજાવવા છતાં પોલીસ/પ્રશાસનના જવાબદાર અધિકારીશ્રીઓને તેઓની સત્તાવાર ફરજનો ઉપયોગ કરતા અટકાવવાના ઈરાદાથી ટાવર ઉપરથી નીચે નહિ ઉતરી આપઘાત કરવાના ઈરાદાથી ટાવર ઉપર બીસી રહી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી નર્મદાનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ બાબત.

**(૨)** બનાવની વિગતવારની ફરીયાદ,ગરૂડેશ્વર પોલીમ સ્ટેશનમાં ગુ.ર.નં. પાર્ટ એ.૧૧૮૨૩૦૦૯૨૫૦૩૭૨/૨૦૨૫ થી દાખલ થતા આ કામે ગુનો દાખલ કરી તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ કરી જરૂરી પુરાવો રજૂ કરી આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતા ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૧૭૩(૨) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૧,૩૨૯(૩),૨૨૩,૨૨૬ મુજબ હાલનું ચાર્જશીટ રજુ  કરતા આ કેસ ઉપસ્થિત થયેલ છે.

**(૩)** પોલીસ અહેવાલ રજુ થતા ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૧૯૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૧,૩૨૯(૩),૨૨૩,૨૨૬ મુજબના ગુના અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતા આરોપીઓ હાજર થતા

કલમ –૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દરસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ આરોપીઓની આંક–૩,૪,૫ અન્વયે પ્લી નોંધવામાં આવતા તે વાંચી સંભળાવતા અને સમજાવતા ગુના અંગે પૂછવામાં આવતા ગુન્હો કર્યાં અંગેનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**::મૌખિક પુરાવા::**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરીયાદી મુન્નાભાઇ મધાભાઇ પરમારની સોગંદ પરની જુબાની |

**::દસ્તાવેજી પુરાવા::**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગતો |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરીયાદ |
| ૨. | ૦૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩. | ૦૯ | ફોર્મ–એ |

ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા અંગેની કલોઝિંગ પુરસીસ આંક–૧૦ થી રજુ કરેલ છે.

(૫) આ કામે આરોપીપક્ષ તરફે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૬) ત્યારબાદ સદર કામ આરોપીઓનુ બી.એન.એસ.એસની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધાવા માટે રાખવામાં આવેલ પરંતુ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) આ કામે અદાલતે વિ.સરકારી વકીલશ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળેલ છે.

(૮) આમ આ કામે રેકર્ડ ઉપર આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આ કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકિકત પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ તા-૨૬/૦૪/૨૦૨૫ ના રોજ સવારના આશરે નવેક વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓ (૧) બાલુભાઈ શેરાભાઈ તડવી, રહે.બરોલી,તા. નસવાડી,જી-છોટાઉદેપુર (૨) પ્રવિણભાઈ રણછોડભાઈ તડવી,રહે. પનસોલી નવી વસાહત,તા-ડભોઈ,જી-વડોદરા(૩) મહેશભાઈ વિક્રમભાઈ તડવી, રહે.ભુમલીયા,તા-ગરુડેશ્વર,જી.નર્મદાનાઓ ભેગા થઈને પુર્વ આયોજન કરી પોતાના કામ કઢાવવા માટે પોતાની માંગણીઓ પુરી કરવા સારુ સમાન ઈરાદો પાર પાડવા માટે એક બીજા સાથે એક સંપ થઈ ગુનાહિત કાવતરૂ રચી સવારના આશરે નવેક વાગ્યાના અરસામાં રારદાર સરોવર નર્મદા નિગમની માલિકીની ગોરા ગામની સીમમાં આવેલ ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવર નં-૧૩૪૬૭૫૧ ટાવરની ચારે તરફ તારની ફેંસીંગ વાડ કુદી ગુનાહીત અપ-પ્રવેશ કરી ટાવર ઉપર ચઢી પોલીસ/પ્રશાસન ના જવાબદાર અધિકારીશ્રીઓ દ્રારા ટાવર ઉપરથી નીચે ઉતરવા સમજાવવા છતાં પોલીસ/પ્રશાસનના જવાબદાર અધિકારીશ્રીઓને તેઓની સત્તાવાર ફરજનો ઉપયોગ કરતા અટકાવવાના ઈરાદાથી ટાવર ઉપરથી નીચે નહિ ઉતરી આપઘાત કરવાના ઈરાદાથી ટાવર ઉપર બીસી રહી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી નર્મદાનાઓના જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૧,૩૨૯(૩),૨૨૩,૨૨૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**::-કારણો-::**

**<u>મુદ્દા નં.૧:-</u>**

**(૧૦) -::પુરાવાનું મૂલ્યાંકન::-**

સદર કેસમાં રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું બારીકાઇથી મૂલ્યાંકન શરુ કરવામાં આવે તે પહેલા પુરાવાના બોજા વિશે વાત કરવી આવશ્યક જણાતી હોય તે નીચે મુજબ છે.

**<u>(૧૧) પુરાવાનો બોજો (Burden of Proof):-</u>**

અત્રેની અદાલત પુરાવા અધિનિયમના એ સિધ્ધાંતથી સુવિદિત છે કે જો ફરીયાદીની એકમાત્રની જુબાની વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોય તો તે આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેની સાથે પુરાવા અધિનિયમના એ પ્રસ્થાપિત સિધ્ધાંતથી પણ વાકેફ છે કે આરોપી સામેનો કોઇપણ અપરાધ હંમેશા નિ:શંકપણે પુરવાર થવો જોઇએ અને તેમાં સહેજ પણ શંકા ઉપજે તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. તે સાથે ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '**પુરાવાનું મૂલ્યાંકન**' એ શબ્દને પુરાવાના કાયદામાં ક્યાય પણ વ્યાખ્યા સ્વરૂપે સુલેખિત કરવામાં આવેલ નથી અને તે માટે કાનૂન સમર્પિત કોઈ નિયમ નથી જેથી પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકત અને સંજોગો પર નિર્ધારીત હોય છે અને પુરાવાના મૂલ્યાંકન માટે પુરાવા અધિનિયમની **<u>કલમ-૧૩૪</u>** ની જોગવાઈ મુજબ કોઈ હકીકત પુરવાર કરવા ચોક્કસ સંખ્યામાં સાક્ષીઓ તપાસવા એ જરૂરી નથી અને **કલમ-3** મુજબ **Proved Disproved and Not proved** ના ખ્યાલ/ધારણા મુજબ દરેક કેસના સંજોગો અને તેમાં પડેલ પુરાવાઓ મુજબ તેની હકીકતો પુરવાર થયેલ છે કે કેમ તે માટેનો પુરાવાનો બોજો હંમેશા ફરીયાદપક્ષ પર હોય છે પરંતુ તે સાથે જે તે કેસના સંબંધિત કાયદા અંતર્ગત જ્યારે આરોપી વિરુધ્ધ કોઈ વિશિષ્ટ અનુમાન કરવામાં આવેલ હોય ત્યારે તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની એટલે કે આરોપીની રહે છે. આમ, પ્રસ્તુત વર્ણવેલ સિંધ્ધાત અનુસાર નીચે મુજબ પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક-૦૬ થી ફરીયાદી મુન્નાભાઇ મધાભાઇ પરમારને

તપાસેલ છે જેઓ પોતાની જબાનીમાં જણાવે છે કે, તેઓ આર.એસ.સીકયુરીટી એજન્સી અમદાવાદમાં સુપરવાઈઝર તરીકે છેલ્લા છએક વર્ષથી ફરજ બજાવે છે અને તેમને નર્મદા જીલ્લા ગોરા ગામની સીમમાં ઈન્ડશ કંપનીનો મોબાઈલ ટાવર આવેલ હતો. જેમાં તા.૨૬/૪/૨૦૨૫ના રોજ સવારના દસેક વાગ્યે તેઓના કર્મચારીઓ ધ્વારા ટેલીફોનીક રીતે માહીતી મળેલ કે ૩ અજાણ્યા ઈસમો તેની કોઈ રજુઆતને લઈને ટાવર પર ચડી ગયેલ છે અને પોલીસ તેમજ પ્રસાસનના અધિકારી /કર્મચારીઓ સ્થળ ઉપર આવેલ છે તેઓને નીચે ઉતારવાની વિનંતી કરવા છતાં નીચે ઉતરેલ નથી અને તેઓની માંગણી મંજુર કરવામા નહી આવેલ તો ટાવર પરથી કુદીને આત્મહત્યાની ધમકીઓ આપેલ. ત્યારબાદ ઉચ્ચ અધિકારીઓ આવતા તેઓને સમજાવી નીચે ઉતારેલા. આ ઈસમોએ નર્મદા અસરગ્રસ્તોને જમીનનુ યોગ્ય વળતર મળેલ ન હોવા બાબતે ટાવર પર ચડી ગયેલા તેવુ પાછળથી જાણેલુ.ત્યારબાદ ફરજ પરના પો.ઈન્સપેકટરશ્રીએ તેમને ફરીયાદ આપવાનુ જણાવતા તેમણે બનાવ બની ગયા બાદ પોલીસ સ્ટેશન રૂબરૂ જઈને ફરીયાદ આપેલી. આરોપી ઈસમોના નામો તેમને હાલમાં યાદ નથી અને તેઓને તે બનાવ દરમિયાન હાજર ન હોઈ જેથી ઓળખી શકુ નહી. તેઓએ ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંક-૦૭ થી રજુ થયેલ છે.

**(૧૨.૧)** સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પ્રોસીકયુશનની વિનંતીને ગ્રાહય રાખી ભારતીય પુરાવા ધારાની કલમ-૧૫૪ તળે પ્રોસીકયુશનને તેમના જ સાક્ષીની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં પ્રોસીકયુશન ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

**(૧૨.૨)** બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સદર ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ દરમિયાન હાજર ન હતા અને બનાવ બાદ પોલીસના કહેવાથી તેમણે ફરીયાદ આપેલી. તેમને આરોપીઓ સાથે બનાવ બાદ પોલીસે ઓળખ કરાવેલ હોય તેવું બનેલ નહી. ઉચ્ચ અધિકારીઓએ તેઓના ઉપરી અધિકારીઓએ ફરીયાદ કરવાની સુચના આપેલ જેથી તેમણે ઉપરી અધિકારીના કહેવા મુજબ ફરીયાદ આપેલી. બનાવ દરમિયાન શુ ઘટના બનેલી તેની તેમને માહીતી નથી. આ બનાવમાં તેઓના ટાવરને કોઈ

નુકશાન થયેલ હોય તેવું બનેલ નથી.

આમ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેતા આંક-૬ થી ફરીયાદીની જુબાની વંચાણે લેતા ફરીયાદીએ સિક્યોરીટી એજન્સીના સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા હોવાનુ અને ગોરા ગામની સીમમાં તેઓની કંપનીનો મોબાઇલ ટાવર આવેલ હોય તા.૨૬/૪/૨૦૨૫ ના રોજ તેઓના કર્મચારીઓ મારફતે તેઓને માહિતી મળેલ કે અજાણ્યા ત્રણ ઇસમો તેઓની માંગણીઓની રજુઆત કરવા ટાવર ઉપર ચડી ગયેલ અને પોલીસ તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ સ્થળ ઉપર આવેલ છે તેવી માહિતી મળતા બનાવ બાદ તેઓ હોદ્દાની રૂએ માત્ર ફરીયાદ આપેલી અને બનાવ તેઓએ નજરે નજર જોયેલ નથી તેમજ આરોપીઓને તે ઓળખતા નથી તે મુજબની હકીકત જણાવી છે.આમ તેઓની જુબાની વંચાણે લેતા આરોપીઓ વિરૂધ્ધનુ તહોમતનામુ ફરમાવેલ છે તે મુજબ આરોપીઓએ પૂર્વ આયોજન કરી પોતાના વ્યક્તિગત કામ કઢાવવા માટે આરોપીઓનો સમાન ઇરાદો પાર પાડવા માટે એક સંપ થઇ ગુનાહિત કાવતરુ રચી અને સરદાર સરોવર નર્મદા નિગમની માલિકીની ગોરા ગામની સીમમાં આવેલ ઇન્ડસ કંપનીના મોબાઇલ ટાવરની હકુમતમાં ગુનાહિત પ્રવેશ કરી ટાવર ઉપર ચડી જઇ ઇરાદાપૂર્વક કલેક્ટરશ્રીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૧,૩૨૯(૩),૨૨૩,૨૨૬ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન મળતુ ન હોય ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

**(૧)** આ કામના આરોપીઓ (૧) મહેશભાઇ વિક્રમભાઇ તડવી, રહે.ભુમલીયા, તા.ગરૂડેશ્વર, જી.નર્મદા (૨) બાલુભાઇ શેરાભાઇ તડવી, રહે.બરોલી,તા.નસવાડી,જી.છોટાઉદેપુર(૩) પ્રવિણભાઇ રણછોડભાઇ તડવી,રહે.પનસોલી, નવી વસાહત, તા.ડભોઇ, જી.વડોદરાનાઓને બી.એન.એસ.એસ ની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૧,૩૨૯(૩),૨૨૩,૨૨૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૨)** બી.એન.એસ.એસ ની કલમ-૪૮૧ અન્વયે આરોપીઓના જામીન

તથા જાત મુચરકા અપીલ સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો પ્રત્યેક આરોપીએ અપીલ સમય માટે રૂા. ૫,૦૦૦/– ના જાતજામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૮ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૮/૦૪/૨૦૨૬**
**સ્થળ: ગરૂડેશ્વર**

**(જે.એમ.દવે)**
**જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ગરુડેશ્વર, જી.નર્મદા**
**જીજે.૦૧૬૨૭**